EDII

Economic Times (Guj)

January 28, 2017
Page No. 2

# સ્ટાર્ટ-અપને મદદ: EDIIએ ચાર ક્ષેત્રો અલગ તારવ્યાં

ઇટી બ્યૂરો
અમદાવાદ

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ)એ પસંદ કરેલાં સાહસોને નાણાકીય સહાય આપવા અંગે ભારત સરકારનું ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ડીએસટી) ફેબ્રુઆરી મહિનામાં નિર્ણય લેશે. ઇડીઆઇઆઇએ ટેક્નોલોજી બિઝનેસ ઇન્ક્યુબેટર શરૂ કર્યું છે અને તેણે મેન્યુફેક્ચરિંગ, ફૂડ પ્રોસેસિંગ, રિન્યુએબલ એનર્જી અને હેલ્થકેર એમ ચાર ક્ષેત્રોના સ્ટાર્ટ-અપને વેગ આપવા માટે નાણાકીય સહાય માટે ડીએસટીનું ભંડોળ મેળવવાનું નક્કી કર્યું છે. ઉદ્યોગસાહસિકો તૈયાર કરતી ઇડીઆઇઆઇના પીજીડીએમ-બીઇ પ્રોગ્રામમાં પાસ થયેલા ૪૨૭ વિદ્યાર્થીઓમાંથી ૩૩૭એ પોતાનું સાહસ શરૂ કર્યું છે અથવા તો પોતાના ફેમિલી બિઝનેસમાં જોડાઈ ગયા છે.

ઇડીઆઇઆઇએ પીજીડીએમ-બીઇ (બિઝનેસ એન્ડ આંત્રપ્રિન્યોરશિપ) કોર્સમાંમાઈલસ્ટોન-આધારિત શૈક્ષણિક પહેલ શરૂ કરી છે, જેમાં વિદ્યાર્થીઓઇડીઆઇઆઇમાં અભ્યાસ કરતા હોય તે વખતે જ તેમને નવો બિઝનેસ શરૂ કરવા માટેજરૂરી હોય તેવાં દરેક બારીક પાસાં અંગે વ્યાવહારિક સમજ મળે તે સુનિશ્ચિતકરવામાં આવે છે.



ઇડીઆઇઆઇના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે,"માઈલસ્ટોન-આધારિત શિક્ષણની રચના એ પ્રકારે કરવામાં આવી છે કે વિદ્યાર્થીઓ બિઝનેસ માટે આઇડિયાથી લઈને માર્કેટ રિસર્ચ સહિતના મુદ્દા સાથે આગળ વધે છે. તેમાંથી પસંદગીના આઇડિયાને સિડ ફંડ પણ આપવામાં આવે છે. આ ઉપરાંત, અમે ડીએસટી સાથે મળીને ઇન્ક્યુબેશન સેન્ટરનાં સાહસોને વધુ નાણાકીય મદદ માટે કંપનીઝ એક્ટના સેક્શન ૮ હેઠળ કંપની રચી છે. ડીએસટી ₹૧૦ કરોડનું ભંડોળ આપી શકે છે અને તેના દ્વારા અમે સ્ટાર્ટ-અપ કંપનીઓને વધુ સારી રીતે આગળ વંધારી શકીશું." પીજીડીએમ-બીઇ પ્રોગ્રામના હેડ અને ઇડીઆઇઆઇના એસોસિયેટ સિનિયર ફેકલ્ટી ડો.સત્ય આચાર્યએ જણાવ્યું હતું કે, "અમે સીડ ફંડ તરીકે અત્યાર સુધીમાં ૮ વિદ્યાર્થીઓને ₹૨.૫ લાખથી ₹૩.૫ લાખની સહાય કરી છે અને વધુ ૧૦ વિદ્યાર્થીઓને આટલું સીડ ફંડ આપવાનું નક્કી કર્યું છે."